# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-12-2025 Day: Monday Morning : 07.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## રાષ્ટ્રીય ગીત વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે:

રાષ્ટ્રીય ગીત વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે લોકસભામાં આજે ખાસ ચર્ચા શરૂ થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લોકસભામાં આ ચર્ચા શરૂ કરશે.

ગયા અઠવાડિયે આ અંગે માહિતી આપતા સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું હતું કે આખા દિવસની ચર્ચા બપોરે ૧૨ વાગ્યે શરૂ થશે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાની અધ્યક્ષતામાં મળેલી સર્વપક્ષીય બેઠકમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે વંદે માતરમ પર ચર્ચા આજે અને ચૂંટણી સુધારા પર ચર્ચા આવતીકાલે થશે.

**--------------------------------------------------------------------------------------------**

## SIR દેશની કામગીરીનું ચિત્ર:

કેન્દ્રીય ચૂંટણી પંચે ગઈકાલે જાહેરાત કરી હતી કે, મતદારયાદી સુધારા ખાસ અભિયાન – SIR નો બીજો તબક્કો શરૂ થયાં પછી મતદારોને 50 કરોડ 94 લાખથી વધુ ગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. આ તબક્કામાં આશરે 51 કરોડ મતદારોમાંથી 99.94 ટકા મતદારો સામેલ થશે.

પંચે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં 50 કરોડથી વધુ ફોર્મનું ડિજિટાઇઝેશન કરવામાં આવ્યું છે. મતદાર યાદીઓના SIRનો બીજો તબક્કો ગયા મહિનાની 4 તારીખે નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં શરૂ થયો હતો.

આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો ગુજરાત સહિત, છત્તીસગઢ, ગોવા, કેરળ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી, લક્ષદ્વીપ અને આંદામાન અને નિકોબાર ટાપુઓ છે. મતદાર યાદીઓનું મોટા પાયે સંશોધન આવતા વર્ષે 14 ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદીના પ્રકાશન સાથે પૂર્ણ થશે.

-----------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ-અમદાવાદમાં લોકાર્પણ:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે અમદાવાદ ટૂંક સમયમાં વૈશ્વિક રમતગમતના નકશામાં ટોચ પર હશે અને 2036 ઓલિમ્પિક રમતોનું યજમાન બનશે. ગઈકાલે અમદાવાદમાં એક હજાર 500 કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કર્યા બાદ જાહેર સભાને સંબોધિતા શ્રી શાહે કહ્યું કે અમદાવાદમાં છેલ્લા કેટલાક વર્ષોમાં વિશ્વ કક્ષાના રમતગમત માળખા અને તાલીમ સુવિધાઓનો અસાધારણ વિસ્તરણ જોવા મળ્યું છે. તેમણે નોંધ્યું કે શહેર 2030 રાષ્ટ્રમંડળ રમતો માટે તૈયાર થઈ રહ્યું છે.

-----------------------------------------------------------------------------------------------

## મુંદરા બંદર પરથી સિગારેટનો જથ્થો જપ્ત કરાયો:

કચ્છ જિલ્લાના સીમા શુલ્ક વિભાગે મુન્દ્રા બંદર પરથી એક કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિદેશી સિગારેટનો જથ્થો જપ્ત કર્યો છે. આ સિગારેટની ગેરકાયદેસર રીતે આયાત કરવામાં આવી હતી અને તેને ખોટી રીતે "કોર પેપર પાઇપ ઇન બેલ્સ" તરીકે દર્શાવવામાં આવી હતી. જોકે ક્લિયરન્સ પ્રક્રિયા દરમિયાન વિસંગતતાઓ અને નિયમોનું પાલન ન થતાં ફરજિયાત ચકાસણી પ્રક્રિયાઓ દરમિયાન આ જથ્થાને અટકાવવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન, સિગારેટના આશરે 99 જેટલા મોટા બોક્સમાં 4 હજાર 956 કાર્ટન, 49 હજાર 560 પેકેટ અને 9 લાખ 91 હજાર 200 સિગારેટ મળી આવી હતી.

-----------------------------------------------------------------------------------------------

## જિલ્લામાં S.I.R કામગીરી :

કચ્છ સહીત સમગ્ર રાજ્યમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ ચાલી રહી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 11મી ડિસેમ્બર સુધી ચાલશે અને ડ્રાફ્ટ મતદાર યાદી 16 ડિસેમ્બરે પ્રકાશિત થશે. ભુજ ખાતે બીએલઓ તરીકે ફરજ બજાવતા ચિંતન સૌમેયાએ S.I.Rની કામગીરીમાં લોકોના સહકાર અંગે  માહિતી આપતા કહ્યુ કે..

(બાઈટ.. ચિંતન સૌમેયા, બી.એલ.ઓ.)

એક જાગૃત નાગરીક તરીકે S.I.Rની કામગીરીમાં આપણે સૌએ સહકાર આપવો જોઈએ, સમયસર પોતાના અને પરિવારના ફોર્મ જમા કરાવનાર, નારણપરના શિક્ષક મતદાર જીજ્ઞા જોષીએ  કહ્યુ કે....

(બાઈટ-જીજ્ઞા જોષી)

---

## જિલ્લામાં ઠંડીમાં વધારો:

જીલ્લામાં લઘુતમ ઉષ્ણતામાનમાં સરેરાશ બે ડિગ્રી જેટલો ઘટાડો થતાં ઠાર સાથે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. નલિયા ખાતે લઘુતમઉષ્ણતામાન  10.6 ડિગ્રીએ પહોંચતાં રાજ્યના શીત મથકોમાં પ્રથમ રહ્યુ હતું. ઠારનો અનુભવ સમગ્ર પશ્ચિમ કચ્છમાં થયો હતો. અંજાર-ગાંધીધામ ખાતે  પણ  લઘુત્તમ ઉષ્ણતામાન 11.9, તો જિલ્લા મથક ભુજ ખાતે 13.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું. જયારે મહત્તમ ઉષ્ણામાન 30 થી 31 ડિગ્રી નોંધાતાં બપોરના સમયે વાતાવરણ ઉષ્ણ બન્યું હતું. હવામાન વિભાગે પવનની દિશા બદલાવા સાથે ઠંડીનું પ્રમાણ વધવાની આગાહી કરી છે.

---